# સે-૨૯માં નિકાલ હેઠળના ૨૪૦ મકાનો તોડી પાડવામાં આવશે

## નિકાલના મકાનોના સ્થાને ટાવર કોલોની બનાવાશે

ગાંધીનગર, તા.૧૮

શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડી પાડવા તબક્કાવાર કામ હાથ ધરવામાં આવી રહયું છે.સે-૭ અને સે-૧૩ ઉપરાંત સે-૨૯માં પણ જ અને જ-૧ કક્ષાના ૨૪૦ મકાનો તોડી પાડવામાં આવશે.આ મકાનો તોડી પાડવા ટૂંકમાં કામ હાથ ધરાશે.

શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડી પાડવા માટે તબક્કાવાર તંત્ર દ્વારા આયોજન કરવામાં આવે છે. સેકટરોમાં અંદાજિત હજુ ૧૬૦૦ જેટલા આવાસો નિકાલ હેઠળના હોવાનુ મનાઈ રહયુ છે. હાલની સ્થિતિએ સે-૭ અને સે-૧૩માં મકાનો તોડવાનુ કામ ચાલી રહયું છે.નિકાલ હેઠળના મકાનોની સંખ્યા સે-૭માં વિશેષ છે.જેમાં અંદાજિત ૬૪૦ જેટલા મકાનો તોડવાનુ કામ ચાલી રહયુ છે. આ ઉપરાંત સે-૧૩માં પણ ભયજનક આવાસો તોડવા તંત્રએ કામ શરુ કરી દીધુ છે. શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડી પાડવા તંત્ર દ્વારા ઝડપભેર કામ હાથ ધરવામાં આવ્યુ છે. બીજીતરફ નિકાલ હેઠળના મકાનોની જગ્યાએ ટાવર કોલોની બનાવવા પણ આયોજન કરી દેવાયુ છે. નિકાલ હેઠળના મકાનોની જગ્યાએ સાત મજલાના આવાસો બનાવવામાં આવશે.

સે-૨૯ અને સે-૩૦માં ટાવર કોલોની બનાવવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેના પરિણામે આ સેકટરોમાં નિકાલ હેઠળના આવાસો પણ ઝડપભેર તોડવામાં આવશે. સે-૨૯ માં નિકાલ હેઠળના ૨૪૦ મકાનો તોડી પાડવામાં આવશે.આખરે એક દાયકાના અંતે ભયજનક આવાસો તોડી પાડવામાં આવશે. આગામી ચોમાસા પર્વે મોટાભાગના ભયજનક આવાસો જમીનદોસ્ત કરી દેવાશે.



(તસવીર : દિપક જાની)

બાળકોનો કલશોર - વેકેશનની સીધી અસર સેક્ટરના બગીચાઓમાં વર્તાય છે... બગીચા માત્ર નામના જ રહ્યા છે... પરંતુ જે છે એમાં બાળકો મજા માણી લે છે... સવાર - સાંજ હિંચકા અને લપસણીમાં બાળકો મોજ માણે છે... નિર્દોષ બાળકોનો કલશોર અને પંખીઓનો કલરવ બગીચાની શોભા બને છે....

# સોમવારે પરશુરામ જયંતિ નિમિત્તે ભવ્ય નગરયાત્રા

## બ્રહમસમાજના યુવા પાંખના પ્રમુખ તરીકે જીગર ત્રિવેદી

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર બ્રહમસમાજ દ્વારા પરશુરામ જયંતિની ભવ્ય ઊજવણી કરવામાં આવશે.જેના ભાગરૂપે આગામી તા ૨૦ એપ્રિલના રોજ શહેરના વિવિધ માર્ગો પર ભવ્ય શોભાયાત્રા યોજવામાં આવશે. સે-૨૨ પંચદેવ મંદિરથી શોભાયાત્રાનુ પ્રસ્થાન કરવામાં આવશે. બ્રહમસમાજના યુવાપાંખના પ્રમુખ તરીકે જીગર ત્રિવેદીની નિમણૂંક કરવામાં આવી છે.

વૈશાખ સુદ બીજના દિવસે પરશુરામ જયંતિની ઊજવણી ભાગરૂપે સમસ્ત બ્રહમસમાજ તથા યુવા પાંખ અને મહીલા પાંખ દ્વારા સવારે ૯ કલાકે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યુ છે.જે અન્વયે સવારે ૯ કલાકે પંચદેવ મંદિરથી ભવ્ય શાભાયાત્રા યોજવામાં આવશે.નગરના વિવિધ માર્ગા પર પરિભ્રમણ કરી ભગવાન પરશુરામની યાત્રા સે-૧૬ બ્રહમભવન ખાતે પહોંચશે. આ શોભાયાત્રામાં સમાજના તમામ સભ્યોને હાજર રહેવા જણાવાયું છે.

# કર્મચારીઓના બાકી પડતર પ્રશ્નો પણ ઉકેલાશે

ગાંધીનગર, તા.૧૮

સરકારી કર્મચારીઓની વયનિવૃતિની મર્યાદા ૬૦ વર્ષની કરવા ઉપરાંત તેમજ વિવિધ ભથ્થાઓનો લાભ આપવાના મામલે સરકાર હકારાત્મક અભિગમ દાખવી ટૂંકમાં જાહેરાત કરશે તેવી પ્રબળ આશા સચિવાલય ફેડરેશને વ્યકત કરી છે.

ધી ગુજરાત સચિવાલય ફેડરેશનના પ્રમુખ ભવાનસિંહ પરમારના જણાવ્યા મુજબ સમિતિની વિવિધ માંગણીઓને ધ્યાને લઈને મંત્રીઓની પેટા કમિટિના અધ્યક્ષ નિતીન પટેલે કર્મચારીઓના પડતર પ્રશ્નોનો નિકાલ કરવામાં આવ્યો છે. જેને સમિતિ આવકારે છે. જયારે બાકી રહેતા પડતર પ્રશ્નોના નિકાલ માટે પણ સરકાર કક્ષાએથી યોગ્ય પગલા લેવાશે તેવી આશા પણ વ્યકત કરી છે.જેમાં કર્મચારીઓની નિવૃતિની વય મર્યાદા વધારવા અલબત્ત ૬૦ વર્ષ સુધી લંબાવવા,ફિકસ પગારના સીધી ભરતીના કર્મચારીઓની મુદતમાં વધારો કરવા રજાઓનો લાભ આપવા ઉપરાંત મળવાપાત્ર વિવિધ ભથ્થાઓ અંગે સત્વરે જાહેરાત કરવા પણ જણાવાયુ છે.

## શ્રદ્ધાંજલિ



શ્રી જયઅંબે પરિવાર, ગાંધીનગરના આદરણીય વડીલ **સ્વ. કાન્તીભાઈ જે. પટેલ (ઊંઝાવાળા)**નું દુઃખદ અવસાન તા. ૧૭/૪/૨૦૧૫ને શુક્રવારના રોજ થયેલ છે. સ્વર્ગસ્થના આ અચાનક થયેલ અવસાનથી આ પરિવારના સભ્યો ઉંડા દુઃખની લાગણી અનુભવે છે. ખેર ! મા જગદંબા સ્વર્ગસ્થના આત્માને ચિરઃશાંતિ અર્પે તથા તેમના પરિવારજનોને આ કારમા આઘાતને સહન કરવાની શક્તિ અર્પે એ જ પ્રાર્થના સહ આ પરિવારના સભ્યો સ્વર્ગસ્થને શ્રદ્ધાંજલિ પાઠવે છે.

**સ્વર્ગસ્થનું બેસણું તા. ૨૦/૪/૨૦૧૫ને સોમવારે સવારે ૮-૦૦ થી ૧૧-૦૦ કલાક દરમિયાન તેમના હાલના નિવાસસ્થાન - શાન્તીનગર સોસાયટી, 'ક' રોડ, મુ. વાવોલ ખાતે રાખવામાં આવેલ છે.**

**શ્રી જયઅંબે પરિવાર**
**ગાંધીનગર**

**ગં.સ્વ. મણીબેન કાન્તીભાઈ પટેલ**
**સુનીલ, પીન્ટુ, જીજ્ઞેશ,**
**તથા પરિવાર**

# દેશ-વિદેશમાં કેન્દ્ર સરકારને પ્રતિષ્ઠા મળતા વિપક્ષો અકળાય છે : વેંકૈયા નાયડુ

ગાંધીનગર, તા. ૧૮

માત્ર દેશ જ નહી વિદેશમાં પણ નરેન્દ્ર મોદી અને કેન્દ્ર સરકારને મળેલી પ્રતિષ્ઠાને કારણે વિપક્ષને પેટમાં ચૂક આવે છે એમ કેન્દ્રીય મંત્રી વૈંકીયા નાયડુએ જણાવ્યુ હતુ.

ગુજરાતના પ્રવાસે આવેલા કેન્દ્રના શહેરી વિકાસ અને સંસદીય બાબતોના મંત્રી વેંકૈયા નાયડુએ આજે પ્રદેશ ભાજપ કાર્યાલય કમલમની મુલાકાત લીધી હતી.

ભાજપના અગ્રણીઓ સાથેની વાતચીતમાં મંત્રી વેંકૈયા નાયડુએ નરેન્દ્ર મોદીનાં કેન્દ્ર સરકારે છેલ્લી એક વર્ષ કરતાં પણ ઓછા સમયમાં કરેલી કામગીરીને લોકો સુધી પહોંચાડવા જણાવ્યું હતું.

તેમણે વિપક્ષની કાગારોળને નિરર્થક ગણાવી જણાવ્યું હતું કે જનધન યોજના મુદ્રા બેંક વિમા સુરક્ષા



ખેડૂતોને વળતર જેવા ગરીબલક્ષી મધ્યમવર્ગ અને ખેડૂતોના હિતના નિર્ણયોથી સમગ્ર દેશમાં કેન્દ્ર સરકારે સુશાનના પગલા ભર્યા છે. માત્ર દેશ જ નહી વિદેશમાં પણ નરેન્દ્ર મોદી અને કેન્દ્ર સરકારને મળેલી પ્રતિષ્ઠાને કારણે વિપક્ષોના પેટમાં ચૂક આવે છે.

પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે જણાવ્યું હતું કે અગાઉની સરકારે દેશને આર્થિક સામાજિક અને વ્યવસ્થાપનની દષ્ટિએ નિરાશાની ગર્તામાં ધકેલ્યો હતો. તેમજ સરકાર સામે વિશ્વાસની કટોકટી હતી જ્યારે વર્તમાન સરકારે માત્ર લોકસભા ચૂંટણી જ નહી તેના પછી યોજાયેલ વિવધ રાજ્યોની વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ કે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં બહુમત પ્રાપ્ત કર્યો છે. જે પ્રજાના વિશ્વાસનું પ્રતિબિંબ છે. આગામી સમયમાં કેન્દ્ર સરકાર દેશમાં કાળા નાણાને નાથવા અને રીવલ એસ્ટેટ અંગેના નવા પ્રજાલક્ષી અને દેશ હિતના કાયદા ઘડવા સરકાર જઈ રહી છે તેમ તેમણે જણાવ્યું હતું.

ગુજરાત પ્રદેશ વતી પ્રદેશ મહામંત્રી ભરત પંડ્યાએ ખેસ પહેરાવી અને પુસ્તક અર્પણ કરીને વેંકૈયા નાયડુજીનું સ્વાગત કર્યુ હતુ. આ પ્રસંગે ગાંધીનગર અમદાવાદના ધારાસભ્યો કોર્પોરેશનના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.


## સાતમી પૂણ્યતિથીએ ભાવાંજલિ



**ડૉ. પ્રશાંત બ્રિજેશ મેરજા**
તા. ૨-૦૫-૮૫થી સદાકાળ
૩૫૩, સેક્ટર-૮, ગાંધીનગર.

'સ્મરણ સદાય આપનું, હ્રદયને ભીનું કરતું રહે,
એમ ઉરમાં હરપળ યાદોનું ઝરણું નિરંતર વહે'

રીન્કુ સન્ની મેરજા — પાયલ-જય-ચાર્મી
રેખા રમેશ મેરજા — ભાવના સુરેશ સરડવા
સુશીલા બ્રિજેશ મેરજા — પૂ.વજીબા અમરશીભાઈ મેરજા

મેરજા પરિવાર- મોરબી



## નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજી
(નિફ્ટ કાયદા ૨૦૦૬ હેઠળ સ્થાપિત સંસ્થા)
(કાપડ મંત્રાલય, ભારત સરકાર)
નિફ્ટ કેમ્પસ, ઈન્ફોસીટીની પાછળ, ઘ-૦ રોડ પાસે, ગાંધીનગર-૩૮૨૦૦૭.

**નિફ્ટ અભ્યાસક્રમો ૨૦૧૫ માં દ્વિતિય વર્ષમાં સીધા પ્રવેશઅંગે**

નિફ્ટના અભ્યાસક્રમો ૨૦૧૫માં ડિઝાઈન સ્નાતક (B. Design) અને ટેકનોલોજી સ્નાતક (B. F. Technology) માં ખાલી બેઠકો ઉપર સીધા દ્વિતિય વર્ષમાં પ્રવેશ અંગેની વિગતો **www.nift.ac.in** ઉપર ઉપલબ્ધ છે. સંલગ્ન ક્ષેત્રના ડિપ્લોમા / ડીગ્રી પૂર્ણ કરેલ વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી શકશે.

આ અંગે નિશુલ્ક વિશેષ માર્ગદર્શન સેમીનારનું ઉપરોક્ત સરનામે ગાંધીનગર ખાતે **તા. : ૨૨/૦૪/૨૦૧૫** અને **૨૯/૦૪/૨૦૧૫** ના રોજ બપોરે ૦૪:૩૦ કલાકે તથા સુરત ખાતે (એસવીએનઆઈટી કેમ્પસ, ઉપાહારગૃહની ઉપર, ઇચ્છાનાથ, ડુમસ રોડ) **તા. : ૨૩/૦૪/૨૦૧૫ બપોરે ૦૪:૩૦ કલાકે** આયોજન કરવામાં આવેલ છે જેનો લાભ લેવા જાહેર નિમંત્રણ આપવામાં આવે છે. વધુ જાણકારી માટે સંપર્ક : ૦૭૯-૨૩૨૬૫૦૦૮ / ૯ મો. ૯૯૭૮૭૦૬૩૮૦ ઉપર કરવો.

**તા. : ૧૮/૦૪/૨૦૧૫** — **નિયામક**







Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com